# નવી શિક્ષણનીતિ

**માનવસહજ શિક્ષક તરીકે, વાલી તરીકે અને વિદ્યાર્થી તરીકે આપણે જાણવાની અને સમજવાની ઈચ્છા થાય કે આવનારી શિક્ષણનીતિમાં શું પરિવર્તનો શિક્ષણમાં થવાના છે ? તો આવો આપણે તેની વિગતે છણાવટ કરીએ.**

નવી શિક્ષણનીતિ દ્વારા વાલી, વિદ્યાર્થી અને શિક્ષકમાં અનેક સ્તરે વિકાસ થાય તે પ્રમાણેના નિર્ણયો સરકાર દ્વારા લેવામાં આવ્યા છે. જેના દ્વારા બાળકો પોતાનામાં રહેલી આવડત દ્વારા કોઈપણ પ્રકારે મૂંઝાયા વગર આસાનીથી પોતાની કારકિર્દી ઘડી શકે છે.

★ પ્રારંભિક બાળપણ શિક્ષણ ૩ - ૬ વર્ષના બધા બાળકોને ૨૦૨૫ સુધીમાં મળે તેવો ધ્યેય.

★ મૂળભૂત અક્ષરજ્ઞાન અને આંકડાકીય જ્ઞાન ધોરણ ૧ થી ૫ દરમિયાન સુદ્રઢ કરવાનો ધ્યેય.

★ શિક્ષણ શાસ્ત્રીય માળખું ૫ + ૩ + ૩ + ૪ આલેખન પર આધારિત છે.

★ રોજગારલક્ષી શિક્ષણ ધોરણ ૬ થી શરૂ થશે.

★ શાળા સ્તર પર ૩૦ : ૧ વિદ્યાર્થી શિક્ષક ગુણોત્તર રહેશે.

★ ધોરણ ૧ના બધા વિદ્યાર્થીઓ ત્રણ મહિના સુધી શાળા પ્રશિક્ષણ તાલીમ લેશે.

★ ગુણવત્તાયુક્ત શિક્ષણને માટે ગુણવત્તાયુક્ત શિક્ષક પર ભાર મૂકાશે.

★ શિક્ષકોને મજબૂત પારદર્શક પ્રક્રિયા દ્વારા ભરતી કરવામાં આવશે.

★ ધોરણ ૫ સુધીનો અભ્યાસક્રમ માતૃભાષા / પ્રાદેશિક ભાષામાં રહેશે.

★ ધોરણ ૬ થી ૮ માં વ્યવસાયી કુશળતા અને હસ્તકલા પ્રાંરભિક રીતે વ્યવસાયિક સંપર્ક શરૂ કરાશે.

★ અભ્યાસક્રમના માળખાને વિકાસના જુદાજુદા તબક્કામાં ફરીથી ઘડવામાં આવશે.

★ નવા પાઠ્યપુસ્તકો વિકસાવવામાં આવશે અને ઉચ્ચ ગુણવત્તાથી અનુવાદ કરવામાં આવશે.

★ ૩-૬ વર્ષના બાળકને ૨૦૨૫ સુધીમાં મફત, સલામત, ઉચ્ચ ગુણવત્તા, વિકાસશીલ યોગ્ય સંભાળ અને શિક્ષણ મેળવી શકશે.

★ પ્રારંભિક બાળ શિક્ષણ માટે સુવિધાઓમાં નોંધપાત્ર વધારો, વિસ્તરણ અને મજબૂતાઈ પર ભાર મૂકાશે.

★ પ્રારંભિક બાળ શિક્ષણ માટેના અભ્યાસક્રમમાં શિક્ષકોની વ્યવસાયિક કેળવણી હાથ ધરવામાં આવશે.

★ ૨૦૨૨ સુધીમાં અભ્યાસક્રમ અને શિક્ષણને ગોખણપટ્ટિયું શિક્ષણ ઘટાડવા અને તેના બદલે સાફલ્યવાદી વિકાસ, ક્રાંતિકારી વિચારસરણી, રચનાત્મકતા, બહુભાષીવાદ ડિજિટલ સાક્ષરતા જેવા ૨૧મી સદીના કૌશલ્યને પ્રોત્સાહિત કરવા માટે રૂપાંતરિત કરવામાં આવશે.

★ બાલમંદિર થી ધોરણ ૧૨ સુધી મફત અને ફરજિયાત શિક્ષણની ઉપલબ્ધતાને ખાતરી આપવા માટે શિક્ષણનો અધિકાર કાયદો વિસ્તૃત કરવામાં આવશે.

★ શાળાકીય સંચાલનમાં શાળાઓને શાળા સંકુલ (૧૦-૨૦ જાહેર શાળઓના જૂથ)માં ગોઠવાશે જેમાં શૈક્ષણિક (દા.ત. પુસ્તકાલયો) અને લોકો (દા.ત. કલા અને સંગીત શિક્ષકો) મજબૂત વ્યાવસાયિક શિક્ષક સમુદાય સાથે શાળાઓનું નિયમન અને કામગીરી અલગ સંસ્થાઓ દ્વારા હાથ ધરવામાં આવશે.

★ ખાસ કરીને આર્થિક અને સામાજિક રીતે પછાત જિલ્લાઓ પર ખાસ ધ્યાન અપાશે.

★ ૨૦૩૦ સુધીમાં શિક્ષણ માટે ૧૦૦% નોંધણી ગુણોત્તરનો ધ્યેય.

★ પોષણ અને શિક્ષણ અભિન્ન રીતે સંકલિત છે. મધ્યાહ્ન ભોજનનો કાર્યક્રમ વિસ્તૃત કરવામાં આવશે.

★ અભ્યાસક્રમનો ભાર ઘટાડવામાં આવશે. આવશ્યક વિચારોને ઓછા કરી ગહન અને વધુ અનુભવી અભ્યાસ માટે સક્ષમ બનાવાશે.